**<u>આમોદના મહે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં,</u>**
**<u>મું. આમોદ</u>**

**<u>ફોજદારી કેસ નં. ૧૪/૨૦૨૪</u>**

**<u>આંક–૦૧ નીચે હુકમ</u>**

આ કામમાં પક્ષકારો તર્ફે આંક–૧૧ થી વિડ્રો પુરસીસ આપી જણાવેલ છે કે, "સદર કામે અમો બંને પક્ષકારો વચ્ચે સમાધાન થઇ ગયેલ છે તે એ રીતના કે અમો આરોપી ઉપર ક્રિમિનલ કેસ નં. ૧૪/૨૦૨૪ તથા ક્રિમિનલ કેસ નં. ૧૫/૨૦૨૪ થી નામદાર કોર્ટમાં ચાલુ છે. સદર બંને ફરીયાદના કામે કુલ રૂપિયા ૭,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા સાત લાખ પુરા) આરોપી પાસેથી અમો ફરીયાદીએ લેવાના હતા. જે પેટે રૂ. ૪,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા ચાર લાખ) ચુકવી આપેલા છે. મારે બાકી પડતી રકમ રૂપિયા ૩,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા ત્રણ લાખ પુરા) નો એક ચેક H.D.F.C. બેંક, પાલેજ શાખાનો, ચેક નંબર ૦૦૦૧૦૫ નો રકમ રૂપિયા ૩,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા ત્રણ લાખ) નો તા. ૩૧/૧૨/૨૦૨૬ ના રોજનો આપેલો છે. જે ચેક બેંકમાં જમા કરાવેથી રકમ તમો ફરીયાદીને મળી આ પ્રમાણે સમાધાન થયેલ હોય કેસો આગળ ચલાવવા ના હોય માંડવાડ કરશોજી." જેથી આંક–૧૧ ની વિડ્રો પુરસીસ આધારે હાલની ફરીયાદ કેંસલ કરી, આરોપીને ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

હુકમ આજ તા. ૧૪ મી, માર્ચ સને–૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૪/૦૩/૨૦૨૬
સ્થળઃ આમોદ

**(રવિકુમાર આર. પરમાર)**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
આમોદ.
કોડ–જીજે ૦૧૬૦૩